# છૂટક ગટર સફાઈનું કામ કરતાં રોજમદાર સફાઈ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીનાં સાધનો પુરા પાડવાની યોજના બાબત

છૂટક ગટર સફાઇનું કામ કરતાં રોજમદાર સફાઇ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પુરા પાડવાની યોજના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SCW/૧૦૧૮/૬૮૭૯૧/ન.બા.૬૨/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૬/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર ના તારીખ: ૩૧/૦૧/૨૦૧૮ ના પત્ર ક્રમાંક: ગુસકાવિનિ/મકમ/ન.બા./૨૦૧૮-૧૯/૯૧૨૧-A-B.

(૨) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર ના તારીખ: ૨૧/૦૩/૨૦૧૮ ના પત્ર ક્રમાંક: નલપ/૨૩૨૦૧૭/૨૯૪૨/(પ્રો)૪/૧૧૫૨૮.

ઠરાવ:

રાજયમાં મહાનગરપાલિકા/ નગરપાલિકાઓ/ ગ્રામ પંચાયતોમાં છૂટક સફાઇનું કામ કરતા સફાઇ કામદારોને છૂટક ગટર સફાઇનું કામ કરતાં રોજમદાર સફાઇ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પુરા પાડવાની વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટેની નવી બાબતની દરખાસ્ત મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) પરના તા. ૩૧/૦૧/૨૦૧૮ના પત્રથી કરેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે છૂટક ગટર સફાઇનું કામ કરતાં રોજમદાર સફાઇ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પુરા પાડવાની વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં નવી બાબત તરીકે માંગણી નંબર ૯૫, મુખ્ય સદર: ૨૨૨૫-૦૧-૧૯૦-૦૨ બજેટ હેડ હેઠળ થયેલ જોગવાઇ કુલ રૂ. ૧૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા એક કરોડ પચ્ચીસ લાખ પુરા) ની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>(અ) પાત્રતાના ધોરણો:</u>

(૧) સફાઇ કામદાર મહાનગરપાલિકા/નગરપાલિકા/ગ્રામ પંચાયત વિસ્તારમાં છૂટક રીતે ગટર સફાઇનું કામ કરતાં હોવા જોઇએ.

(૨) અરજદારની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને વધુમાં વધુ ૫૦ વર્ષની રહેશે.

(૩) સફાઇ કામદાર ગટર સફાઇનું છૂટક કામ કરતાં હોવા અંગેનું સદરહું ઠરાવ સાથે બિડેલ પરિશિષ્ટ-અ મુજબનું પ્રમાણપત્ર નીચે મુજબના સક્ષમ અધિકારીશ્રીનું મેળવવાનું રહેશે.

| ક્રમ | કાર્યક્ષેત્રનો વિસ્તાર | દાખલો આપનાર અધિકારી | પ્રતિ સહી કરનાર અધિકારી |
|---|---|---|---|
| ૧ | મહાનગરપાલિકા | રાજ્યપત્રિત અથવા તેની સમકક્ષ અધિકારી | - |
| ૨ | નગરપાલિકા/બરો/નોટિફાઇડ એરીયા/ નગરપંચાયત | ચીફ ઓફીસર | - |
| 3 | ગ્રામ પંચાયત | તલાટી કમ મંત્રી | તાલુકા વિકાસ અધિકારી/ મામલતદાર/એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| ૪ | શહેરી અને ગ્રામ્ય વિસ્તારોની ખાનગી સંસ્થાઓ/ધંધાના સ્થળો સોસાયટી/કોન્ટ્રાક્ટર/પાર્ટ-ટાઇમ અથવા કામનું સ્થળ નક્કી ન હોય તેવા સફાઇ કામદારો | નોકરીદાતા / કામે રાખનાર | રાજપત્રિત મહેસૂલી અધિકારી/ ચીફ ઓફિસર/ તાલુકા વિકાસ અધિકારી /મામલતદાર/ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ/ સર્કલ ઓફિસર (રેવન્યુ) |

**(બ) સહાયની રકમ (યુનિટ કોસ્ટ)**

છુટક ગટર સફાઇ કામ કરતાં રોજમદારોને ગટરની સફાઇ કરવા માટે ડિઝલ મશીન,લોડીંગ સાઇકલ,પાઇપ તેમજ સલામતીના સાધનો સહિતની ખરીદી માટે નીચે જણાવ્યા મુજબ સહાયની મર્યાદા વધુમાં વધુ રૂ. ૫૦,૦૦૦/- ની નિયત કરવાની રહેશે.

| ક્રમ | વિગત | રકમ રૂપિયા | ચુકવણી કરવાની પધ્ધતિ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ |
| ૧ | સફાઇ કામદારોને ડિઝલ મશીન | રૂ. ૨૫,૦૦૦/- અથવા થયેલ ખરેખર ખર્ચ બે પૈકી જે ઓછુ હોય તે મુજબ સહાય આપવાની રહેશે. | ક્વોટેશન મુજબ |
| ૨ | લોડીંગ સાયકલ (ડિઝલ મશીનની હેરફેર માટે) | રૂ. ૧૫,૦૦૦/- અથવા થયેલ ખરેખર ખર્ચ બે પૈકી જે ઓછુ હોય તે મુજબ સહાય આપવાની રહેશે. | ક્વોટેશન મુજબ |
| 3 | પાઇપ તેમજ સલામતીના સાધનો (ગ્લોવ્ઝ/ હોલ શુઝ) | રૂ. ૧૦,૦૦૦/-અથવા થયેલ ખરેખર ખર્ચ બે પૈકી જે ઓછુ હોય તે મુજબ | ચેકથી લાભાર્થીને ચુકવણું |

| | | | | |
|---|---|---|---|---|
| | | | મુજબ સહાય આપવાની રહેશે. | |
| | કુલ | રૂ. ૫૦,૦૦૦/- | રૂ. ૫૦,૦૦૦/- અથવા થયેલ ખરેખર ખર્ચ બે પૈકી જે ઓછુ હોય તે મુજબ સહાય આપવાની રહેશે. | |

<u>(ક) સહાય મેળવવાની શરતો</u>

૧. પ્રસ્તુત યોજનાનું અમલીકરણ જિલ્લા મેનેજર, ગુજરાત સફાઇ કામદર વિકાસ નિગમ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા કરવાનું રહેશે.

૨. લાભાર્થીએ અરજી પત્રક સબંધિત જે-તે જિલ્લા કચેરીમાંથી નિયત સમય-મર્યાદામાં મેળવવાનું રહેશે.

૩. અરજી પત્રક જિલ્લા કચેરીમાં નોંધણી કરીને જે વ્યક્તિને આપવામાં આવેલ હોય તે વ્યક્તિએ જ તેનો ઉપયોગ કરવાનો રહેશે.

૪. અરજદારે કોઇપણ સરકારી/અર્ધ સરકારી/એજન્સી/નિગમ કે સંસ્થા પાસેથી સહાય ન મેળવેલ હોવા અંગેની વિગત અચૂક રજુ કરવાની રહેશે.

૫. આ યોજનાનો લાભ ફક્ત છૂટક ગટર સફાઇનું કામ કરતાં હોય તેવાં સફાઇ કામદારોને જ આપવામાં આવશે તે માટે સક્ષમ અધિકારીશ્રીનો નિયત નમૂનામાં દાખલો અરજીપત્રક સાથે અચૂક રજુ કરવાનો રહેશે.

૬. અરજદાર છૂટક ગટર સફાઇનું કામ કરે છે તે અંગેના અનુભવનો દાખલો અરજદારે રજુ કરવાનો રહેશે.

૭. સહાય મંજુર થયા બાદ લાભાર્થી દ્વારા ખોટી રીતે સહાય લીધેલ હોવાનું ધ્યાને આવતાં આપેલ સહાય/સાધન- સામગ્રી જપ્ત કરવામાં આવશે.

૮. આવેલ અરજીઓની સંખ્યા ધ્યાને લઇને અરજી મંજુર કે ના મંજુર કરવાની આખરી સત્તા નિગમની રહેશે. આ અંગે કોઇપણ જાતની તકરાર કે કોર્ટ કાર્યવાહી કરી શકાશે નહિં.

૯. લાભાર્થીએ અરજી પત્રક સાથે રહેઠાણના પુરાવા (લાઇટ બીલ, વેરા પાવતી, રેશનકાર્ડ, આધાર કાર્ડ) અને ઉંમરના પુરાવા (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, ડોક્ટરનું પ્રમાણપત્ર(ઉંમર સ્પષ્ટના હોય ત્યારે), સોગંદનામું, જન્મ નોંધણી પ્રમાણપત્ર)ની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૧૦. અરજદારે રેશનકાર્ડના કુટુંબના સભ્યો અને કાર્ડ નંબર દર્શાવતા પાનાની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૧૧. અરજદારે ઉંમરના પુરાવા માટે જરૂરી પુરાવા/પ્રમાણપત્રની પ્રમણિત નકલ રજુ કરવાની રહેશે.

૧૨. ગરીબી રેખા હેઠળની યાદીમાં અરજદારનો સમાવેશ થતો હોય તો તેના પુરાવાની પ્રમાણિત નકલ રજુ

કરવાની રહેશે.

૧૩. અરજદાર જો શારીરીક ખોડખાંપણ ધરા ાં હોય તો તે અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૧૪. અરજદાર બેંક ખાતું ધરાવતાં હોવા અંગે પાસબુકની નકલ રજુ કરવાની રહેશે.

૧૫. અરજદારે આધારકાર્ડ, ચુટણી કાર્ડ, રેશન કાર્ડ અને બેંક પાસબુકમાં દર્શાવ્યા મુજબનું નામ અરજીપત્રકમાં લખવાનું રહેશે.

૧૬. અરજી મળ્યેથી જે-તે જિલ્લા કચેરીએ સંબંધિત સમાજ કલ્યાણ નિરીક્ષક તેમજ મદદનીશ જિલ્લા મેનેજર દ્વારા સ્થળ ચકાસણી અહેવાલ તેમજ સહાય આપવા અંગેનો સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવાનો રહેશે. ત્યારબાદ જિલ્લાકક્ષાની નિયત થયેલી સમિતિ દ્વારા ભલામણ થઇને આવેલ હોય તેવી અરજીઓની વડી કચેરીએ વિચારણા કરવાની રહેશે. વડી કચેરી દ્વારા રાજયકક્ષાની નિયત થયેલી સમિતિમાં લાભાર્થીઓની અરજીઓ રજુ કરીને સમિતિની ભલામણ મેળવી લાભાર્થીને સહાય મંજુર કર્યા હોવાની જાણ કરવાની રહેશે.

૧૭. ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળનાં નાણાંકીય જોગવાઇની મર્યાદામાં જ લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે. તે સિવાયની અરજીઓ ના મંજુર કરવાની રહેશે.

૧૮. જિલ્લા મેનેજર, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ અને નાયબ નિયામકશ્રી, અનુસૂચિતજાતિ કલ્યાણની કચેરીએ લાભાર્થી વાઇઝ ગામ/શહેરનું નામ, લાભાર્થીનું નામ, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વગેરે વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૧૯. લાભાર્થીએ ઉરોક્ત (બ) સહાયની રકમ (યુનિટ કોસ્ટ) નીચેના ટેબલના ક્રમ નંબર-૧ અને ૨ માં દર્શાવ્યા મુજબનાં સામાનની ખરીદી માટે વેપારી પેઢીનું ક્વોટેશન રજુ કરવાનું રહેશે. આ સામાનની રકમનો ચેક જે-તે વેપારી પેઢીના નામનો આપવામાં આવશે. તેમજ ક્રમ-૩ માં દર્શાવ્યા મુજબના સામાનની ખરીદીના હેતુ માટે લાભાર્થીને નામ જોગ ચેક આપવામાં આવશે. જે સામાન ખરીદ્યા અંગેની જરૂરી ચકાસણી/તકેદારી જે તે જિલ્લાનાં અમલીકરણ અધિકારીશ્રીની રહેશે.

૨૦. આ યોજનાની ગ્રાન્ટ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરના હસ્તક રહેશે.

૨૧. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વાર ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર (યુટીસી) તેમજ તે અંગેના હિસાબો તથા ઓડિટને લગતી તમામ કામગીરી કરવાની રહેશે.

૨૨. સદરહું મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૨૪. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૨૫. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૨૬. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ

વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૨૭. સદરહું યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ ૦૪/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

નકલ રવાના:
-માનનીય મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
-નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
-નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, અનુસૂચિતજાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતાભવન, સચિવાલય, ગાંધીનગર.
-સબંધિત જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ. (ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ મારફત)
-સબંધિત નાયબ નિયામકશ્રી, અનુસૂચિતજાતિ કલ્યાણ (નિયામકશ્રી (અજાક) મારફત)
-સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
-સે.અ.શ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
-પસંદગી ફાઇલ.

Note.2018.Page No. 317